ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



## સંક્ષિપ્ત સમાચાર

### લોકવિજ્ઞાન કેન્દ્ર ગોધરાની સ્પર્ધામાં કાલોલની રિફાઈ પબ્લિક સ્કૂલની બે વિદ્યાર્થિનીની પસંદગી



કાલોલ : લોકવિજ્ઞાન કેન્દ્ર, ગોધરા દ્વારા આયોજિત નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ (NCSC) 2026 કોમ્પિટિશનમાં કાલોલ તાલુકાના બોરુ ગામની રિફાઈ પબ્લિક સ્કૂલે શાનદાર સિદ્ધિ મેળવી છે. ત્યારે જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યા બાદ રિફાઈ પબ્લિક સ્કૂલની બે તેજસ્વી વિદ્યાર્થીનીઓ શિફાના બેલીમ અને તંજીલા પઠાણ નું સ્ટેટ લેવલ માટે સિલેક્શન થયું છે. તેઓની સફળતા પાછળ તેમના ગાઈડ ટીચર સમીર સુબન અને શીફા મકરાનીના અથાગ પરિશ્રમ અને સતત માર્ગદર્શન રહ્યું છે. બંને શિક્ષકોએ વિદ્યાર્થીનીઓને પ્રોજેક્ટ તૈયાર કરવાથી લઈને પ્રેઝન્ટેશન સુધી ખૂબ જ સપોર્ટ કર્યો હતો.હવે આ બંને વિદ્યાર્થીનીઓ અમદાવાદના સાયન્સ સિટી ખાતે યોજાનાર રાજ્યકક્ષાના પ્રદર્શનમાં પંચમહાલ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

# સલરા ગ્રા.પં. કચેરીનું મકાન તોડી પડાયું

## જમીનનો પેટ્રોલ પંપ બાંધકામ માટે ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ

( પ્રતિનિધિ ) સુખસર,તા.28

ફતેપુરા તાલુકાના સલરા ગામે ગત છ વર્ષ અગાઉ નવીન ગ્રામ પંચાયતનું મકાન બાંધકામ કરવામાં આવેલ હતું.અને ત્રણેક વર્ષ સુધી આ ગ્રામ પંચાયતમાં કામગીરી કરવામાં આવેલ હતી. ત્યારબાદ જે-તે સમયના સરપંચના પતિ રમેશભાઈ હકરાભાઈ અમલીયાર દ્વારા પેટ્રોલ પંપના બાંધકામ માટે ગ્રામ પંચાયતનું મકાન રાતોરાત તોડી પાડી તે જગ્યા ઉપર પેટ્રોલ પંપનું બાંધકામ કરવામાં આવેલ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.અને તેઓના મકાનના પાછળના ભાગે પંચાયત ઘર જેવું આબેહૂબ મકાન બાંધકામ કરી આ મકાનને સલરા ગ્રામ પંચાયત મકાન તરીકે બતાવી રહેલ હોવાનો આક્ષેપ પણ કરવામાં આવેલ છે.

જ્યારે હાલના સરપંચ મંગળીબેન રામજીભાઈ ડામોર ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ મકાનમાં સરકારી કામકાજ ચલાવવા માંગતા ન હોય ગત છ માસ અગાઉ સલરા ગામના ગ્રામજનોની હાજરીમાં પંચાયતનુ તમામ રેકોર્ડ સલરા ગ્રામ પંચાયતના જુનુ મકાન જે જાહેર માર્ગ ઉપર આવેલ છે તેમાં ખસેડવામાં આવેલ છે.અને ગ્રામ પંચાયતની કામગીરી કરવામાં આવી રહેલ છે.અને ગ્રામજનોને સંતોષ હોવાનું પણ જાણવા મળે છે. વધુમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે,જે જુની ગ્રામ પંચાયત મકાન મુખ્ય માર્ગ ઉપર તેમજ બેસવા લાયક હાલતમાં છે.તેમ છતાં જે-તે સમયે રમેશભાઈ અમલીયારના પત્ની સરપંચ પદે હોવાથી પોતાના મકાનની બાજુમાં પંચાયત ઘર લઈ જવા માંગતા હોવાથી તેઓ દ્વારા આ પંચાયતને જર્જરીત બતાવી નવીન કચેરી તેઓના ઘર પાસે લઈ ગયેલ હતા.પરંતુ આ નવી બનેલ સરકારી કચેરી પણ તેઓ દ્વારા તેમના અંગત સ્વાર્થ ખાતર રાતોરાત પાડી નાખવામાં આવેલ હોવાની રજૂઆત કરવામાં આવી છે.હાલ ગ્રામ પંચાયતના જવાબદાર અધિકારીઓ દ્વારા ગ્રામ પંચાયતનું રેકોર્ડ નવી પંચાયતમાં ખસેડવા અને દિન 10 માં નવીન પંચાયત કચેરી ખાતે કામગીરી શરૂ કરવા માટે જણાવવામાં આવી રહ્યું હોવાનો આક્ષેપ પણ કરવામાં આવી રહ્યો છે. પુરાવા પણ અરજદાર પાસે હોવાનું જણાવ્યું છે.અને તેની સાબિતી સાથે ઉચ્ચ સ્તરે રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.અને ગેરકાયદેસર બાંધકામ કરેલ ખાનગી મકાનમાં ગ્રામ પંચાયત કચેરીનું કામકાજ કઈ રીતે ચલાવવું?તે હાલના સરપંચ સહિત ગ્રામજનોમાં પ્રશ્નો ચર્ચાનો વિષય બન્યા છે.



**પૂર્વસરપંચ પતિએ મકાન તોડાવ્યુ હતું**

સલરા પંચાયતના મકાનને અગાઉના મહિલા સરપંચના પતિ રમેશભાઈ હકરાભાઈ અમલીયારના ઓએ પોતાના પેટ્રોલ પંપની બાંધ કામગીરી માટે કોઈપણ જાતની પરવાનગી વગર આ ગ્રામ પંચાયતનું મકાન તોડી પાડવામાં આવ્યું હતું.અને તેના જેવું જ અન્ય જગ્યાએ મકાન બાંધકામ કરી તે ગ્રામ પંચાયત મકાન હોવાનું જણાવી રહ્યા છે. અમો ખાનગી મકાનમાં પંચાયતનો વહીવટ કરવા માંગતા નથી.તેની તપાસ માટે અમોએ રજૂઆત કરી છે અને અમો સહિત ગ્રામજનોને ન્યાય મળવો જોઈએ.

**મંગળીબેન રામજીભાઈ ડામોર,** સલરા ગ્રામ પંચાયત,સરપંચ

### કાલોલ પોલીસે દારૂ ભરેલી કાર ઝડપી

(પ્રતિનિધિ) કાલોલ તા.28

કાલોલ પોલીસે રતનપુરા ગામે કરાડ નદીના પુલ પાસે બાતમીના આધારે નાકાબંધી કરી બોરૂ-બાકરોલ રોડ થઈ સાવલી તરફ જતી સિલ્વર કલરની સુઝુકી એસ-ક્રોસ કાર નં. GJ-06-JM-6536ને ઊભી રાખી તલાશી લેતા કારની પાછળની સીટ અને ડીકીમાંથી ગોવા સ્પીરીટ ઓફ સ્મુથનેસ વ્હીસ્કીના 240 ક્વાટર, રોયલ સ્ટેગ વ્હીસ્કીના 48 ક્વાટર તથા માઉન્ટ્સ 6000 બીયરના 288 ટીન મળી આવ્યા હતા. પોલીસે કારચાલક અનિલભાઈ ભુપતસિંહ ચાવડા (ઉ.વ.35, રહે. સીતાપુરા, તા.સાવલી, જી.વડોદરા)ને ઝડપી લીધો હતો. પૂછપરછમાં તેણે દારૂનો જથ્થો મધ્યપ્રદેશના કઠીવાડા તરફથી અલગ-અલગ સ્થળેથી રોકડેથી ખરીદી ઘરે છૂટક વેચાણ માટે લઈ જતો હોવાનું જણાવ્યું હતું.

### કાલોલની MGS હાઈસ્કુલની વિદ્યાર્થિનીઓની થીમ રાજ્ય કક્ષાએ પસંદ કરવામાં આવી



કાલોલ: 'કલરવ સ્કૂલ, ગોધરા' ખાતે એન.સી.એસ.સી. (NCSC) - ૨૦૨૬ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૨૦ થી વધુ પ્રોજેક્ટ્સ રજૂ થયા હતા. આ વર્ષની મુખ્ય થીમ 'સ્થિરતા માટે વિજ્ઞાન અને નવીનતા' (Science and innovation for sustainability) હતી. આ સ્પર્ધામાં ઊર્જા, ખોરાક અને કચરાનું સંચાલન સહિતની ૫ સબ-થીમનો સમાવેશ કરવામાં આવ્યો હતો.ધ એમ.જી.એસ. હાઈસ્કૂલ, કાલોલની ધોરણ ૧૧ (વિજ્ઞાન પ્રવાહ) ની વિદ્યાર્થીનીઓ ચૌહાણ તેજસ્વિની અને વણકર જાનવી રાજ્ય કક્ષા માટે પસંદ પામી છે. તેમના પ્રોજેક્ટનું નામ 'ફાર્મ ટુ પ્લેટ - ફૂડ સેફ્ટી એન્ડ હેલ્થ મોનિટરિંગ' (FARM TO PLATE - FOOD SAFETY AND HEALTH MONITORING) હતું. તેમને વિશ્વરાજ એમ. બોરીચા [જીવવિજ્ઞાન શિક્ષક - M.Sc , B.Ed.] દ્વારા યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

### દુકાનદારનું લાયસન્સ તાત્કાલિક ધોરણે રદ્દ કરાય તેવી માગ

# શહેરાના ચોપડા ખુર્દના સસ્તા અનાજના દુકાનદારની લૂંટ-દાદાગીરીથી લોકો ત્રસ્ત



(પ્રતિનિધિ) ગોધરા તા.28

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ચોપડા ખુર્દ ગામના રેશનકાર્ડ ધારકોએ સસ્તા અનાજની દુકાનના સંચાલક એસ. પી. પટેલ સામે ગરીબોના અનાજમાં ગેરરીતિ, કાળાબજારી અને દાદાગીરી કરવાના ગંભીર આક્ષેપો સાથે ગોધરા ખાતે જિલ્લા કલેક્ટર અને જિલ્લા પુરવઠા અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું છે. રેશનકાર્ડધારકોએ આ આવેદનપત્ર પાઠવીને ગરીબ પરિવારોના મોંમાંથી કોળિયો છીનવતા આ દુકાનદારનું લાયસન્સ તાત્કાલિક ધોરણે રદ્દ કરી તેની સામે કડક કાર્યવાહી કરવાની ઉગ્ર માંગ કરી છે. આ આવેદનપત્ર સુપરત કરતી વખતે અધિક નિવાસી કલેક્ટરે મૌખિક ખાતરી આપતા જણાવ્યું હતું કે આ દુકાનની તપાસ કરાવીને, જો તે રદ થવા પાત્ર હશે તો તેનું લાયસન્સ રદ કરાવવામાં આવશે. રેશનકાર્ડ ધારકોએ આવેદનપત્રમાં જણાવ્યું છે કે દુકાન સંચાલક એસ. પી. પટેલ દ્વારા લાભાર્થીઓને મળવાપાત્ર નિર્ધારિત જથ્થા કરતાં ઘણું ઓછું અનાજ આપવામાં આવે છે. સરકારી નિયમોનો ભંગ કરીને સંચાલક ગ્રાહકોને સિસ્ટમમાંથી નીકળતી પાકી પાવતી હાથમાં આપીને તરત જ પરત લઈ લે છે જેથી ઓછું અનાજ મળ્યાનો કોઈ લેખિત પુરાવો ગ્રાહકો પાસે બચે નહીં. જ્યારે કોઈ જાગૃત રેશનકાર્ડ ધારક પોતાના હકના પૂરા અનાજ કે પાવતી માટે રજૂઆત કરે છે ત્યારે સંચાલક અત્યંત ઉદ્ધતાઈભર્યું વર્તન કરી ખુલ્લી દાદાગીરી કરે છે. એક રેશનકાર્ડ ધારકનું અંત્યોદય કાર્ડ તેમના પુત્રના વહુના નામે તબદીલ કર્યો હોવાનો પણ આક્ષેપ કર્યો છે. રેશનકાર્ડ ધારકોએ ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી દિવસોમાં તંત્ર દ્વારા આ મામલે કોઈ નક્કર પગલાં લેવામાં નહીં આવે તો નાછૂટકે તેમને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેવી ચીમકી ઉચ્ચારવામા આવી છે.

### ખરસાલીયામા ખતરો ટ્રાન્સફોર્મર નમી ગયું | વાયર લટકી રહ્યા



કાલોલ : ખરસાલીયા ગામના ખેતરમાં વાયર તથા થાંભલો નમી ગયેલ બાબત તે ખેડૂતે જણાવ્યું કે, તેમના ખેતરમાં આવેલું ટ્રાન્સફોર્મર વેલાઓથી ઢંકાઈ ગયું છે. થાંભલો નમી ગયો છે અને વાયરો નીચે લટકી રહ્યા છે. ખેતરમાં અવર જવર માટે આ ખુબ જ જોખમી છે. કોઈ પણ સમયે મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે. ચોમાસામાં તો આ ખતરો બમણો થઈ જાય છે. કોઈ ખેડૂત કે બાળકનો જીવ જઈ શકે છે.ખેડૂતે આ બાબતે અગાઉ પણ રજૂઆત કરી છે, પરંતુ તંત્ર દ્વારા તાત્કાલિક વાયર નવા નાખીને થાંભલો રીપેર કરી આપવામાં આવ્યો નથી.

### ધૂળની ડમરીથી વેપારીઓ-વાહનચાલકો ત્રાહિમામ

# ગરબાડામાં ખોદકામ બાદ રસ્તો અધૂરો છોડાતાં આક્રોશ

(પ્રતિનિધિ) દાહોદ તા.28

પોલીસ મથક થી રામનાથ ચોક સુધી ધૂળના સામ્રાજ્યથી ગરબાડા ગ્રામ પંચાયતની ભારે બેદરકારી અને નિષ્ક્રિયતા સામે સ્થાનિક રહીશો તથા વેપારીઓમાં તીવ્ર રોષ જોવા મળી રહ્યો છે. મળેલ વિગતો અનુસાર, ગરબાડા પોલીસ મથકથી લઈને રામનાથ ચોક સુધીના મુખ્ય માર્ગ પર આશરે દોઢથી બે મહિના અગાઉ ગ્રામ પંચાયત દ્વારા ખોદકામ હાથ ધરવામાં આવ્યું હતું. પરંતુ આટલો લાંબો સમય વીતી ગયા છતાં પણ રસ્તાની કામગીરી પૂર્ણ કરવામાં આવી નથી.મુખ્ય માર્ગ હોવાના કારણે અહીંથી સતત નાના-મોટા વાહનોની અવર જવર રહે છે, જેના કારણે માર્ગ પર અસહ્ય ધૂળ અને માટી ઉડી રહી છે. પરિણામે સ્થાનિક રહીશો, રાહદારીઓ તેમજ આજુબાજુના વેપારીઓનું જીવવું



હરામ બની ગયું છે.અધિકારીઓની ઉદાસીનતા સામે સવાલો સ્થાનિક લોકો અને જાગૃત નાગરિકો દ્વારા ગ્રામ પંચાયતના વહીવટકર્તાઓને આ અંગે વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તંત્રના પેટનું પાણી હલતું નથી. સ્થાનિકોએ ચીમકી ઉચ્ચારી છે કે જો આ માર્ગનું કામ ત્વરિત ધોરણે શરૂ કરી પૂર્ણ કરવામાં નહીં આવે તો પંચાયત સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.

### કાલોલના ૧૧ રોકાણકારને માસિક ૫% વળતરની લાલચ અપાઇ

# નડિયાદની DMM કેપિટલમાં રોકાણના નામે ૧.૧૮ કરોડની છેતરપિંડી આચરાઈ

(પ્રતિનિધિ) કાલોલ તા.28

કાલોલ તાલુકાના અલવા ગામના ખેડૂત સહિત 11 રોકાણકારો પાસેથી નડિયાદની DMM કેપિટલમાં રોકાણ કરાવી ઊંચું વળતર આપવાની લાલચ આપી કુલ રૂ.1.18 કરોડની છેતરપિંડીનો આક્ષેપ સામે આવ્યો છે. અલવા ગામના પટેલ ફળિયામાં રહેતા 35 વર્ષીય ખેડૂત કિરણકુમાર પ્રભુદાસ પટેલના પરિચયમાં 2023 દરમિયાન દિનેશભાઈ સુરેન્દ્રસિંહ ચૌહાણ આવ્યા હતા. તેમણે પોતે DMM કેપિટલમાં 5 ટકા ભાગીદાર હોવાનું જણાવી દર મહિને આકર્ષક નફો અને મુદત પૂર્ણ થતાં મૂળ રકમ પરત આપવાની ખાતરી આપી હતી. ત્યારબાદ ફરિયાદી નડિયાદની ઓફિસે પહોંચ્યા હતા, જ્યાં પૃથ્વી વિજય શર્મા અને જીતેષભાઈ ગોવિંદભાઈ ભરવાડ સાથે મુલાકાત થઈ હતી. ત્રણેયે રોકાણકારોના નાણાં શેરબજારમાં રોકી નફામાંથી હિસ્સો આપવાની ખાતરી આપી હતી. કિરણકુમારે ઓગસ્ટ 2023માં તબક્કાવાર રૂ.7 લાખનું રોકાણ કર્યું હતું. શરૂઆતમાં રૂ.50 હજાર નફો ચૂકવી બાદમાં ગલ્લાતલ્લા કર્યા હતાં. કાલોલ પોલીસે રજૂ થયેલા દસ્તાવેજો અને પુરાવાના આધારે DMM કેપિટલના ભાગીદારો જીતેષભાઈ ગોવિંદભાઈ ભરવાડ, પૃથ્વી વિજય શર્મા અને દિનેશભાઈ સુરેન્દ્રસિંહ ચૌહાણ સામે તપાસ આદરી છે.

**11 રોકાણકારો અને રકમ**

| | |
|---|---|
| કિશનભાઈ મહેશભાઈ પટેલ | રૂ.33.50 લાખ |
| રાજવીરસિંહ હરિચન્દ્રસિંહ પરમાર | રૂ.18 લાખ |
| કિરણભાઈ દેવેન્દ્રભાઈ પટેલ | રૂ.14.50 લાખ |
| મનોજકુમાર મહેન્દ્રસિંહ પરમાર | રૂ.11 લાખ |
| ઋષાંગ રાકેશભાઈ પટેલ | રૂ.10.50 લાખ |
| કિરણકુમાર પ્રભુદાસ પટેલ | રૂ.7 લાખ |
| દર્શનસિંહ કિશોરસિંહ સોલંકી | રૂ.9 લાખ |
| વિનોદભાઈ ભિખાભાઈ બારીયા | રૂ.5 લાખ |
| જયપાલસિંહ વિજયસિંહ પરમાર | રૂ.4.50 લાખ |
| દિપકકુમાર હસમુખભાઈ રાવળ | રૂ.3 લાખ |
| મેહુલભાઈ મહેશભાઈ પટેલ | રૂ.2 લાખ |

### મોટાભાગના લોકોને પગમાં ઇજા પહોંચી

# કાલોલમાં ૪૩ને બચકાં ભરનાર કૂતરાને મોતને ઘાટ ઉતારાયો

(પ્રતિનિધિ) કાલોલ તા.28

કાલોલ શહેરમાં છેલ્લા 24 કલાકથી આતંક મચાવી રહેલા હડકાયા કૂતરાનો આખરે અંત આવ્યો છે. શનિવાર સાંજથી રવિવાર બપોર સુધીમાં આશરે 43 લોકોને બચકા ભરનાર આ હડકાયા શ્વાનને કાલોલ નગરપાલિકાની ટીમે ભારે જહેમત બાદ કાબુમાં લઈ મોતને ઘાટ ઉતારતા નગરજનોએ રાહતનો શ્વાસ લીધો છે. રવિવારે સવારે કાલોલ રેફરલ હોસ્પિટલમાં હડકાયા કૂતરાએ કરડેલા દર્દીઓની લાંબી કતારો લાગી હોય તેવો માહોલ સર્જાયો હતો. પ્રાપ્ત વિગતો મુજબ 25 જેટલા ઈજાગ્રસ્તોને કાલોલ રેફરલ હોસ્પિટલમાં જ હડકવા વિરોધી રસી અને સારવાર આપવામાં આવી હતી, જ્યારે ગંભીર રીતે ઘવાયેલા 18થી વધુ લોકોને વધુ સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર શનિવારે સાંજે શરૂ થયેલો આતંક રવિવારે બપોર સુધી પણ યથાવત રહ્યો હતો. શરૂઆતમાં 10થી 12 લોકોને કરડ્યાની માહિતી બાદ રવિવારે કસ્બા વિસ્તારમાં જ 15થી 20 જેટલા લોકોને આ એક જ કૂતરાએ બચકા ભર્યા હતા. મોટાભાગના લોકોને પગના ભાગે ઈજાઓ પહોંચી હતી.

### બે થી અઢી ફૂટ ઊંચું RCC કરવામાં આવતા મોટી દિવાલ જેવી રચના બની ગઈ

# કેસરપુર પાસે હડફ સિંચાઈ યોજનાની પાઈપલાઈનથી રસ્તો સાંકડો થતા ભય

(પ્રતિનિધિ) સિંગવડ તા.28

સિંગવડ તાલુકાના કેસરપુર ખાતે આવેલી હડફ નદીના કાંઠે વાઘનાળા, ખુદરા, બારેલા, પતંગડી થઈને ડાંગરિયા ચોકડી તરફ જતા રસ્તાની સાઈડમાં પાણી પુરવઠા વિભાગ દ્વારા હડફ સિંચાઈ યોજનાની પાઈપ ફિટિંગ કરવામાં આવી રહી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ પાઈપલાઈન પર અંદાજે બે થી અઢી ફૂટ ઊંચું RCC કરવામાં આવતા મોટી દિવાલ જેવી રચના બની ગઈ છે. જેના કારણે તેની બાજુમાંથી પસાર થતો રસ્તો અત્યંત સાંકડો થઈ ગયો છે. સામસામેથી આવતી એસ.ટી. બસો તથા પ્રાઈવેટ વાહનોને નીકળવામાં ભારે તકલીફ પડી રહી છે. આ રસ્તાનો રોજબરોજ ઉપયોગ અભ્યાસ અર્થે જતા શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, યુવાનો તથા નોકરિયાતો કરે છે. તેમજ ગોધરાથી રણધીકપુર અને સંજેલી તરફ જતા અનેક નોકરિયાતો ટોલનાકાનો ખર્ચ



બચાવવા માટે પણ આ જ શોર્ટકટ રસ્તાનો ઉપયોગ કરી ડાંગરિયા ચોકડી થી સંતરોડ થઈને ગોધરા જવાના રસ્તાનો ઉપયોગ કરે છે જ્યારે આ રસ્તો સાંકડો થવાથી અકસ્માત થવાનો સતત ભય રહે છે. સ્થાનિક જાગૃત નાગરિકો દ્વારા લીમખેડા માર્ગ અને મકાન વિભાગને જાણ કરવામાં આવી હોવા છતાં કામ બંધ કરવામાં આવ્યું નથી. ગ્રામજનોનો સવાલ છે કે, "જો વારંવાર અહીં અકસ્માત થશે તો આ મોતની જવાબદારી કોની?"

# કાલોલમાં રાજપુતાના સ્ટીલ કંપનીમાંથી ધુમાડો છોડાતા વાહનચાલકો પરેશાન

(પ્રતિનિધિ) કાલોલ તા.28

કાલોલ શહેરમાં આવેલા રાજપુતાના સ્ટીલ કંપનીમાંથી નીકળતાં ધુમાડાના ગોટેગોટાના લીધે માર્ગ પરથી પસાર થવું જોખમી બની રહ્યું છે. મળતી માહિતી મુજબ, ખાસ કરીને સાંજે ૬:૩૦ વાગ્યાના સુમારે આ વિસ્તારમાં ધુમાડાનું પ્રમાણ એટલું વધી જાય છે કે રસ્તા પર વિઝિબિલિટી (દૃશ્યતા) નહિવત થઈ જાય છે. તેના કારણે સૌથી વધુ મુશ્કેલી બાઈક સવારો અને દ્વિચક્રી વાહનચાલકોને



પડી રહી છે. ધુમાડાને કારણે અચાનક સામેનું વાહન ન દેખાતાં અકસ્માત સર્જાવાનો ગંભીર ભય ઊભો થયો છે. આ પરિસ્થિતિને પગલે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) ની કામગીરી સામે પણ સ્થાનિકોમાં ભારે રોષ સાથે સવાલો ઊભા થઈ રહ્યા છે. પ્રદૂષણ નિયંત્રણ કરવાની મુખ્ય જવાબદારી જે તંત્રની છે, તે તંત્ર આ બાબતે મૌન દર્શક બનીને શું કરી રહ્યું છે? તેવા પ્રશ્નો લોકમુખે ચર્ચાઈ રહ્યા છે. સમગ્ર મામલે સ્થાનિક વાહનચાલકો અને રહીશો દ્વારા માંગ કરવામાં આવી રહી છે કે, પ્રદૂષિત ધુમાડો છોડીને લોકોના જીવને જોખમમાં મૂકતા વાહનો તેમજ જવાબદારો સામે તંત્ર દ્વારા સત્વરે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે.

### પાવાગઢમાં ગંદકી કરવા પર પ્રતિબંધ મૂકતુ જાહેરનામુ પ્રસિદ્ધ

(પ્રતિનિધિ) પાવાગઢ તા.28

યુનેસ્કો સાઈટ અને પવિત્ર શક્તિપીઠ યાત્રાધામ પાવાગઢમાં દૈનિક ધોરણે મોટી સંખ્યામાં યાત્રાળુઓ અને ટૂરિસ્ટો આવતા હોય છે.

પાવાગઢ ડુંગર ખાતે દુકાનદારો દ્વારા તેમની દુકાનો આગળ તેમજ યાત્રાળુઓ દ્વારા ગમે ત્યાં ગંદકી કરવામાં આવતી હોવાથી દર્શનાર્થીઓને પગપાળા ચાલવામાં મુશ્કેલી પડતી હોય છે. જેના અનુસંધાને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ પાવાગઢ ખાતે માંચી તળેટીથી પાવાગઢ ડુંગર સુધી દુકાનોની આગળ તથા આજુબાજુના વિસ્તારમાં ગંદકી કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમ તા. 23/11/2026 સુધી અમલમાં રહેશે.આ હુકમના ભંગ કરનાર વ્યક્તિ શિક્ષાને પાત્ર થશે.

**જાહેર નોટીસ** અરજદારના વ.શ્રી એસ.એલ.ડામોર

ઝાલોદના મહે. એડી. ચીફ જ્યુડી. મેજિસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં, મુ. ઝાલોદ

ક્રિ. પ. અ. નં. ૫૦૧/૨૦૨૬ મુદત તારીખ:- ૨૯/૦૯/૨૦૨૬

અરજદાર : સંગાડા રાજુભાઇ ધીરાભાઇ, ઉં.વ. ૪૦, ધંધો ખેતી, રહેવાસી કદવાલ, તા. ઝાલોદ, જી. દાહોદ

સામાવાળા : તલાટી કમ મંત્રી, કદવાલ, ઉં.વ. પુખ્ત, ધંધો નોકરી, રહેવાસી ગ્રામ પંચાયત, કદવાલ, તા. ઝાલોદ, જી. દાહોદ

બાબત: જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ

આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઇસમોને આ નોટીસથી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારના લગ્ન ૨૦ વર્ષ અગાઉ આદિવાસી સમાજના રીત-રિવાજ મુજબ તેમના પત્નિ જુનાબેન સાથે થયેલ અને તેમના લગ્નજીવનથી તેમને સંતાનમાં કુલ ૦૪ પુત્ર-પુત્રીઓનો જન્મ થયેલ જેમાં તેમના બીજા નંબરની દીકરી આરૂચીબેન રાજુભાઇ સંગાડાનો જન્મ તા. ૨૭/૧૦/૨૦૧૧ ના રોજ તેમના ઘરે થયેલ, જે તે સમયે કાયદાના અજ્ઞાનતા અને અભણ હોવાના કારણે તેમની પુત્રીની જન્મ નોંધણી સામાવાળા ત.ક.મંત્રીના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ, હાલમા તેઓની પુત્રીને આધારકાર્ડ માટે તથા અન્ય સરકારી કામકાજ માટે જન્મના દાખલાની જરૂર પડેલ જેથી સામાવાળા ત.ક.મંત્રીને અરજી કરતા રેકર્ડ તપાસી તા. ૧૪/૦૯/૨૦૨૬ ના રોજ એવો દાખલો લખી આપેલ કે, તેમની પુત્રીનુ જન્મ રજીસ્ટરમાં નોંધાયેલ નથી અને જન્મનો દાખલો મેળવવા માટે અત્રેની નામદાર કોર્ટમા ફોજદારી પરચુરણ અરજી નં. ૫૦૧/૨૦૨૬ થી થી દાખલ કરેલ છે. સદરહું જન્મનો દાખલો અરજદારના પુત્રને આપવા સામે જે કોઇ ઇસમો કે લાગતા વળગતાને વાંધો યા તકરાર હોય તો તેઓએ મુદત તારીખ - ૨૯/૦૯/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં વાંધો યા તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો. આજ તારીખ ૨૮મી સપ્ટેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર તથા મુકાબલ કરનાર (કે.પી.રાવત) સીની. કલાર્ક | કોર્ટનો સિક્કો | (જી.જી.પટેલ) રજીસ્ટ્રાર એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, ઝાલોદ

**જાહેર નોટીસ** અરજદાર તરફે વિ.વ.શ્રી

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં

કેસ.નં. ૩૬૨/૨૦૨૬ તા. ૧૮/૦૯/૨૦૨૬

અરજદાર: મેડા ગુમજીભાઇ જવલાભાઇ રહે.નઢેલાવ, તા.ગરબાડા, જિ.દાહોદ

સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી, નઢેલાવ, તા.ગરબાડા, જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ: ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.

આથી તમામ લાગતા વળગતા ઇસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી મેડા ગુમજીભાઇ જવલાભાઇના પુત્ર મેડા શિવાભાઇ ગુમજીભાઇનો જન્મ તા. ૦૧/૦૬/૨૦૧૯ નારોજ ગામ.નઢેલાવ, તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, નઢેલાવ, તા.ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઇ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નં: ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઇસમને વાંધો, વિરોધ કે તકરાર હોય તો તેઓએ દિન ૭ (સાત) માં કે પહેલા જાતે કે વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ : ૧૮/૦૯/૨૦૨૬
સ્થળ : ગરબાડા
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડા

**જાહેર નોટીસ** અરજદારના વ.શ્રી એસ.એલ.ડામોર

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર લીમખેડાની કોર્ટમાં

કેસ નં. ૧૯૯/૨૦૨૬ તા. ૧૬/૦૭/૨૦૨૬

અરજદાર : ભાભોર વરિયાભાઇ પરથીભાઇ, રહે.ચીલાકોટા, તા.લીમખેડા, જી.દાહોદ

સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ચીલાકોટા, તા.લીમખેડા, જી.દાહોદ

બાબત: જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ

આથી તમામ લાગતા વળગતા ઇસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ભાભોર વરિયાભાઇ પરથીભાઇ, રહે.ચીલાકોટા, તા.લીમખેડા, જી.દાહોદે તેમની પુત્રી નામે ભાભોર સુમિત્રાબેન વરિયાભાઇનો જન્મ તા.૨૧/૦૨/૨૦૦૩ના રોજ ચીલાકોટા, તા.લીમખેડા, જી.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારશ્રીની પુત્રીનો જન્મ થયેલ ત્યારે જન્મની નોંધ તલાટી કમ મંત્રીશ્રી, ચીલાકોટા, તા.લીમખેડા, જી.દાહોદના જન્મ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમની પુત્રીના જન્મના દાખલાની જરૂરિયાત હોઇ અરજદારે જન્મ-મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઇ ઇસમ ને વાંધો, વિરોધ કે તકરાર હોય તો તેઓએ દિન ૩૦ (ત્રીસ) માં કે પહેલા જાતે કે વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
આજ તારીખ:૧૬, માહે : જુલાઈ ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો | એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર લીમખેડા

**જાહેર નોટીસ** અરજદારના વિ.વ.શ્રી

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં

કેસ.નં.૬૮૬/૨૦૨૬ તા.૧૮/૦૯/૨૦૨૬

અરજદાર: ગુંડીયા કેશીયાભાઇ સંદિપભાઇ રહે.ગરબાડા તા.ગરબાડા, જિ.દાહોદ

સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી, ગરબાડા, તા.ગરબાડા, જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ: ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત

આથી તમામ લાગતા વળગતા ઇસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ગુંડીયા કેશીયાભાઇ સંદિપભાઇના પુત્ર નામે ગુંડીયા અજયભાઇ કેશીયાભાઇનો જન્મ તા.૧૧/૧૧/૨૦૦૦ ના રોજ ગામ.ગરબાડા, તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રી/પુત્રના જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ગરબાડા, તા.ગરબાડા, જિ.દાહોદના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમની પુત્રી/પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઇ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતાં જે કોઇ ઇસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ: ૧૮/૦૯/૨૦૨૬
સ્થળ: ગરબાડા
કોર્ટનો સિક્કો | એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડા

**જાહેર નોટીસ** અરજદારના વિ.વ.શ્રી

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં

કેસ નં.૭૧૯/૨૦૨૬ તા. ૧૮/૦૯/૨૦૨૬

અરજદાર: ભાભોર નાજુભાઈ સુરતાનભાઈ રહે. પાટીયા, તા. ગરબાડા, જિ. દાહોદ

સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, પાટીયા, તા. ગરબાડા, જિ. દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ: ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.

આથી તમામ લાગતા વળગતા ઇસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ભાભોર નાજુભાઈ સુરતાનભાઈ ના પુત્ર ભાભોર શ્યામભાઈ નાજુભાઈ નો જન્મ તા. ૧૧/૦૫/૨૦૧૨ નારોજ ગામ. પાટીયા, તા. ગરબાડા, જિ. દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, પાટીયા, તા. ગરબાડા, જિ. દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નં: ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ કે તકરાર હોય તો તેઓએ દિન ૭ (સાત) માં કે પહેલા જાતે કે વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ: ૧૮/૦૯/૨૦૨૬
સ્થળ : ગરબાડા
કોર્ટનો સિક્કો | એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડા